# <u>ડૉ.બાબાસાહેબ આંબેડકર નિર્વાણ દિવસ નિમિત્તે ફૂલહાર પૂજન</u>

તા.૦૬-૧૨-૨૦૧૯ અને શુક્રવારના રોજ ડૉ.બાબાસાહેબ આંબેડકરજીના ૬૩માં નિર્વાણ દિવસ નિમિત્તે ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી-અમદાવાદના પરિસરમાં ડૉ.બાબાસાહેબ આંબેડકરજીની પ્રતિમાને માનનીય કુલપતિશ્રી ડૉ.અમીબહેન ઉપાધ્યાય અને કર્મચારી પરિવાર દ્વારા ફૂલહારવિધિનો ભાવમય કાર્યક્રમ રાખવામાં આવેલ. આ સમયે યુનિવર્સિટીના દરેક કર્મચારીએ ડૉ.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને હૃદયપૂર્વકની ભાવવંદના કરી હતી. એ પછી યુનિવર્સિટીના ગ્રંથાલયમાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઉપર લખાયેલા પુસ્તકોનું પ્રદર્શન રાખવામાં આવેલ તે પ્રદર્શન કુલપતિજી સાથે સમગ્ર કર્મચારીગણે નિહાળ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન એક્ષટેશન એક્ટીવીટી દ્વારા કરવામાં આવ્યું હતું.



















